24, Dec 2016

SCA Inter District T-20 Tournament - Sheldon Jackson century

## સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ની ટી-20 ટુર્ના.માં

# શેલ્ડન જેક્સનની સદી એળે ગઇ : ભાવનગરનો પરાજય

ભાવનગર | સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની ઇન્ટર



ડિસ્ટ્રીક્ટ ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટની સુપર લીગ તબક્કાની મેચો આજથી રાજકોટ ખાતે શરૂ થઇ હતી અને તેમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટનો રાજકોટ રૂરલ (ગોંડલ)સામે પરાજય થયો હતો. ગોંડલને 4 પોઇન્ટ હાંસલ થયા હતા.

રાજકોટ રેલવેના મેદાન ખાતે રાજકોટ રૂરલની ટીમે ટોસ જીતી અને ભાવનગર ડિસ્ટ્રીક્ટને પ્રથમ દાવ લેવાનું આમંત્રણ આપ્યુ હતુ. નિર્ધારીત 20 ઓવર્સમાં ભાવનગરની

ટીમે 5 વિકેટે 170 રન નોંધાવ્યા હતા.

શેલ્ડન જેક્સને 70 દડામાં 12 ચોક્કા અને 3 છગ્ગાની મદદથી 109 રન ફટકાર્યા હતા. શૌર્ય સાણંદીયા અને વિનિત પંડ્યાએ 2-2 વિકેટો ખેડવી હતી.

રાજકોટ રૂરલની ટીમે 19.3 ઓવર્સમાં 5 વિકેટે 174 રન બનાવી અને મેચ જીતી લીધી હતી. વિવેક પંડ્યાએ 52 દડામાં 78, કુલદીપ રાવલે 26 દડામાં 45 રન ફટકાર્યા હતા. ભાવનગર વતી પાર્થ ચૌહાણ અને ચેતન સાકરીયાએ 2-2 વિકેટો ખેડવી હતી.

અન્ય મેચોમાં સુરેન્દ્રનગરના 171 રન સામે રાજકોટ સિટીએ 172 રન બનાવી મેચ જીતી લીધી હતી. જ્યારે દીની ટીમે 20 ઓવર્સમાં 148 રન બનાવ્યા હત, જામનગરની ટીમે 149 રન બનાવી મેચ જીતી લીધી હતી.

Courtesy: Saurashtra Samachar (Divya Bhaskar Group)